# સરદાર પટેલ યુનિવર્સિટી
## વલ્લભ વિદ્યાનગર

નં.: ઈ-૩/૩૭૫૮

તારીખ: ૦૬/૧૨/૨૦૨૧

**ખાસ અગત્યનું**
**(સમય મર્યાદામાં)**

પ્રતિ,
વડાશ્રી/આચાર્યશ્રી/નિયામકશ્રી,

________________________

________________________

________________________

**વિષય:** દ્વિતિય સત્ર ડિસેમ્બર-૨૦૨૧ થી મે-૨૦૨૨ ની Teacher Teaching અંગેની માહિતી મોકલવા બાબત.

સુજ્ઞશ્રી/સુશ્રી,

સવિનય ઉપરોક્ત વિષયના અનુસંધાનમાં જણાવવાનું કે એકેડેમીક વર્ષ ૨૦૨૧-૨૦૨૨નું દ્વિતિય સત્ર શરૂ થઇ ગયેલ છે. જેમાં સ્નાતક કક્ષાના II, IV, VI સેમેસ્ટરના પ્રવર્તમાન અભ્યાસક્રમ મુજબ અને અનુસ્નાતક કક્ષાના II & IV સેમેસ્ટરના પ્રવર્તમાન અભ્યાસક્રમ જે આપના ડિપાર્ટમેન્ટ/કોલેજ/ઇન્સ્ટીટ્યુટ દ્વારા ચલાવવામાં આવતા હોય તે તમામ અભ્યાસક્રમના દ્વિતિય સત્ર ડિસેમ્બર-૨૦૨૧ થી મે-૨૦૨૨ માટેની Teacher Teaching Information યુનિવર્સિટી વેબસાઇટ ઉપર મુકવમાં આવેલ નમુના પ્રમાણે **તારીખ: <u>૨૦/૧૨/૨૦૨૧</u>** સુધીમાં મોકલી આપવાની રહેશે. આ માહિતીમાં નીચે બાબતોની ખાસ તકેદારી રાખવા વિનંતી.

૧. દરેક શિક્ષકનું પુરૂ નામ, મોબાઇલ નંબર તથા ઇ-મેઇલ એડ્રેસ લખવું ફરજીયાત છે.
૨. ફોર્મ ભર્યા બાદ દરેક શિક્ષકની તેના વિષયની સામે સહિ કરાવવી ફરજીયાત છે અને સહિ કરાવેલી હાર્ડ કોપી યુનિવર્સિટી પરીક્ષા વિભાગમાં જમા કરાવવી.
૩. દરેક શિક્ષકની સિન્ડિકેટ એપ્રુવલ તારીખ, હાજર થયા તારીખ અને રીટાયરમેન્ટ તારીખ દર્શાવવી. (dd/mm/yyyy મુજબ)
૪. જો કોઇ શિક્ષકનો મોબાઇલ નંબર, ઇ-મેલ એડ્રેસ, ડેટ ઓફ સિન્ડીકેટ એપ્રુઅલ, ડેટ ઓફ જોઇનિંગ તથા અધ્યાપકની સહિ નહી હોય તો તેમનું નામ પેનલમાં સમાવેશ કરવામાં આવશે નહી, જેની ખાસ નોંધ લેવી.
૫. દરેક વિષયનો કોડ અને ટાઇટલ સ્પષ્ટ દર્શાવવું.
૬. સેમેસ્ટર મુજબ વિષયવાર અલગ પેજ પર માહિતી દર્શાવવી.
૭. વડાશ્રી/આચાર્યશ્રી/નિયામકશ્રીના સહિ સિક્કા કરેલ પ્રમાણિત નકલ હાર્ડ કોપી અને સોફ્ટ કોપી બંન્ને મોકલવાની રહેશે જેમા સોફ્ટ કોપી CD માં ન મોકલતા યુનિવર્સિટી E-mail: **tti_exam@spuvvn.edu** ઉપર મોકલવાની રહેશે.
૮. માહિતી માટેની Excel File http://www.spuvvn.edu/download/teacher teaching information પરથી મેળવી લેવાની રહેશે.
૯. માહિતી જણાવેલ નમૂના પ્રમાણે મોકલી આપવી ફરજીયાત છે. સદર Excel File ફોર્મેટમાં કોઇપણ પ્રકારનો સુધારો કરવો નહી.
૧૦. એડહોક અધ્યાપક તથા સિન્ડિકેટ એપ્રુવલ વગરના અધ્યાપકની માહિતી Excel File ફોર્મેટમાં ઉમેરો કરવો નહી.

આમ ઉપરોક્ત માહિતી ઉપરથી જે તે વિષયની આગામી યોજાનાર પરીક્ષાઓમાં નિમણૂંક કરવામાં આવનાર પરિક્ષક, પેપર સેટર અંગેની પેનલ તૈયાર કરવા માટે ઉપયોગમાં લેવામાં આવનાર હોઇ નિયત સમય મર્યાદામાં સદર માહિતી મોકલી આપવાની રહેશે. જે કોલેજ/વિભાગ/ઇન્સ્ટીટ્યુટ દ્વારા સદર માહિતી **તારીખ: ૨૦/૧૨/૨૦૨૧** સુધીમાં નહી મોકલાવામાં આવે તો તેઓના નામ અગાઉના વર્ષની મોકલવામાં આવેલ માહિતી ધ્યાને લેવામાં આવશે. બાદમાં કોઇ સુધારો વધારો ધ્યાને લેવામાં આવશે નહિ.

આભાર સહ,

આપનો વિશ્વાસુ

કાર્યકારી નાયબ કુલસચિવ
(પરીક્ષા વિભાગ)

Z:\exam\GUJARATI LATTER-2016\Shree Lipi\2021\Teacher Teaching-2021\Mahiti-2021 - Second Half.docx